પેજ3

## સલમાન ખાને ફી ઘટાડી: રૂ. 120 કરોડને બદલે રૂ.70 કરોડ લેશે



મુંબઈ, તા. 1: બોલિવૂડ એક્ટર સલમાન ખાને વામશી પેડિપલ્લીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ 'એસવીસી63' માટે કથિત રીતે રૂ.70 કરોડની ફી નક્કી કરી છે. ફ્રી પ્રેસ જર્નલના જણાવ્યા અનુસાર, સલમાન ખાન સામાન્ય રીતે એક ફિલ્મ માટે રૂ.120 કરોડ કે તેથી વધુ ફી લે છે. એવામાં આ રકમ તેમની નોર્મલ ફીના લગભગ 60% બતાવવામાં આવી રહી છે. રિપોર્ટમાં એક સોર્સના હવાલેથી જણાવવામાં આવ્યું છે કે, સલમાનના જૂના મિત્ર રફી કાઝી આ પ્રોજેક્ટમાં મીડિએટર તરીકે કામ કરી રહ્યા છે. તેમનું નામ ફિલ્મના પ્રોડ્યુસર્સમાં પણ સામેલ રહેશે. આ દોસ્તીના કારણે જ સલમાન પોતાની અપફ્રન્ટ ફી ઘટાડવા માટે તૈયાર થયા છે. જોકે, સૂત્રએ એ સ્પષ્ટ નથી કર્યું કે શું આ કરારમાં સલમાન ખાનને ફિલ્મના નફામાં ભાગીદારી પણ મળશે કે નહીં.

## કોપીરાઇટ વિવાદમાં ટી-સિરીઝ, ઝી મ્યુઝિકે મારા પર પ્રતિબંધ મૂક્યો હતો: સોનુ નિગમ




મુંબઈ, તા. ૧: ગાયક સોનુ નિગમે તેની કરિયરના સૌથી મુશ્કેલ તબક્કા વિશે વાત કરતાં કહ્યું હતું કે, ગાયકોના કોપીરાઇટ અને રોયલ્ટીના અધિકારો માટે અવાજ ઉઠાવ્યા પછી અગ્રણી મ્યુઝિક લેબલ્સ દ્વારા તેના પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો. કોમલ નાહટાના પોડકાસ્ટ 'ગેમ ચેન્જર્સ: ધ મ્યુઝિક સિરીઝ'માં હાજરી આપતાં સોનુએ કહ્યું કે, આ મુદ્દો હાથમાં લેવા માટે તેણે ભારે વ્યાવસાયિક કિંમત ચૂકવવી પડી હતી, પરંતુ તે માને છે કે આ લડાઈએ આખરે ભારતીય સંગીત ઉદ્યોગને બદલી નાખ્યો. સોનુ લાંબા સમયથી સંગીત ઉદ્યોગમાં ગાયકો માટે કોપીરાઇટ અને રોયલ્ટી અધિકારો પર સૌથી વધુ અવાજ ઉઠાવનારા અવાજોમાંનો એક રહ્યો છે.

## મુકેશ ખન્નાએ નીટ વિરોધના સમર્થકોને 'કોકરોચ' કહ્યા અને કહ્યું તેમને બહાર ફેંકી દો



મુંબઈ, તા. 1: અભિનેતા મુકેશ ખન્નાએ નીટ પેપર લીક અંગે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને સમર્થન આપનારા લોકોને 'કોકરોચ' કહ્યા છે અને કહ્યું છે કે તેમને 'બહાર ફેંકી દેવા' જોઈએ. ઇન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં 68 વર્ષીય અભિનેતાએ જણાવ્યું હતું કે, આ વિરોધ પ્રદર્શન વાસ્તવમાં પેપર લીકથી પ્રભાવિત વિદ્યાર્થીઓ વિશે નથી અને એવો આરોપ લગાવ્યો હતો કે આની પાછળ રહેલા લોકો સરકારને અસ્થિર કરવાના એજન્ડાના ભાગરૂપે વિદ્યાર્થીઓનો ઉપયોગ કરી રહ્યા છે. તેમની આ ટિપ્પણીઓ નીટ વિવાદ સાથે જોડાયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન કરવામાં આવેલી વર્તણૂક અને ઉપયોગમાં લેવાયેલી ભાષાને લઈને ચાલી રહેલા વ્યાપક વિવાદ વચ્ચે આવી છે.

## જીગરી યાર સંજૂને ભેટીને સલમાન ખાને ભરપેટ દુઆઓ આપી



મુંબઈ, તા. 1: સુપરસ્ટાર સલમાન ખાનની સોશિયલ મીડિયા પોસ્ટ્સ તેમના ફેન્સ વચ્ચે આગની જેમ વાયરલ થઈ જાય છે. ઇન્સ્ટાગ્રામ પર વાયરલ થયેલી સલમાન ખાનની આ પોસ્ટની વાત કરીએ તો તેમણે સંજય દત્ત સાથે પોતાની બે તસવીરો શેર કરી છે અને બંને તસવીરોમાં તેઓ સંજય દત્તને એવી રીતે ગળે વળગાડેલા જોવા મળી રહ્યા છે જાણે હવે છોડવા જ નથી માંગતા. સલમાન ખાને આ તસવીરો શેર કરતાં લખ્યું, ''બાબા ફોરેવર બાબા, બાબા તો આખરે બાબા જ છે. સંજૂ બાબા આપણા બધાના બાબા છે અને સંજૂ બાબા હવે પોતાના બાળકોનો બાબા છે, મારો મોટો ભાઈ સંજય દત્ત. અલ્લાહ, ભગવાન, જીસસ બધા આ માણસને ખુશ રાખે, આઈ લવ યુ બાબા.''

# અમેરિકા-ઈરાન વચ્ચે ફરીથી યુદ્ધ ભડકી ઉઠે તેવા સંકેતો

**ઇરાનના** વીજળી માળખા અને રિફાઇનરીઓ પર હુમલો કરવાનું વિચારતા અમેરિકા-ઇઝરાયેલ

**વળતા** હુમલાના લક્ષ્યો ઇરાને નક્કી કર્યા, ઉર્જા કેન્દ્રોને નિશાન બનાવશે

**કુવૈતે** ઇરાનના ડ્રોન હુમલાનો જવાબ આપ્યો, હોર્મુઝમાં જહાજ પર હુમલો, ઇઝરાયેલના ગાઝામાં હુમલા

તહેરાન, વૉશિંગ્ટન, તા. ૧: ઈરાને પ્રમુખ ટ્રમ્પ દ્વારા તેહરાન સામે આ વીકેન્ડમાં નવા હુમલાઓ કરવાના વિચારણા હેઠળના અહેવાલોનો જવાબ આપતા પોતાના જવાબી હુમલાના લક્ષ્યોના નામ આપ્યા છે. આ સાથે જ બંને દેશો વચ્ચે ફરીથી સંઘર્ષ ભડકી ઉઠે તેવા સંકેતો મળ્યા હતા. બંને પક્ષો આગળ શું કરવું તેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમેરિકા-ઇઝરાયેલ ઈરાનના વીજળી માળખા અને રિફાઈનરીઓ પર હુમલા કરે તેવી શક્યતા છે. જ્યારે શુક્રવારે એક ઈરાનની એક અર્ધ સત્તાવાર સમાચાર એજન્સીએ દાવો કર્યો હતો કે જો અમેરિકા અને ઇઝરાયેલ આ વીકેન્ડ દરમિયાન કોઈ હુમલો કરશે, તો ઈરાને ઊર્જા માળખાને નિશાન બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે. એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ તસ્નીમ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે તેઓએ અમેરિકા અને ઇઝરાયેલી હુમલાઓની "ઘેલછા" નો સામનો કરવા માટે 'વ્યાપક જવાબી યોજનાઓ' તૈયાર કરી છે. તેમણે ઉમેર્યું કે તેમની પાસે આ યોજના અમલમાં મૂકવાની 'ક્ષમતા અને ઈચ્છાશક્તિ' બંને છે.

દરમિયાન, વિવિધ અહેવાલો સૂચવે છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના પોતાના ઊર્જા માળખા પર હુમલો કરવા અંગે નિર્ણય લેવામાં વિવિધ વિકલ્પો વિચારતા હતા. વ્હાઈટ હાઉસે શુક્રવારે સંકેત આપ્યો હતો કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર નવા હુમલા કરવા અંગે વિચારણા કરી રહ્યા છે, કારણ કે અમેરિકા દબાણ કરી રહ્યું છે કે તેહરાન હોર્મુઝની સમુદ્રધૂનીને ફરીથી ખોલે અને ગત મહિને બંને પક્ષો વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરારની શરતોનું પાલન કરે, જે કરાર ખૂબ જ ઝડપથી નિષ્ફળ ગયો હતો. કેમ્પ ડેવિડ ખાતે તેમની કેબિનેટ સાથેની ટેલિવિઝન બેઠકમાં પ્રમુખ ખૂબ આક્રમક મૂડમાં જણાતા હતા. તેમણે કહ્યું, અમે તેમના પર ખૂબ જ સખત પ્રહાર કરીશું અને તમે જાણો છો કે એક તબક્કે તેઓ કહેશે, 'અમે હવે આ વધુ સહન કરી શકીએ તેમ નથી.' ટ્રમ્પે એમ પણ કહ્યું હોવાનું જાણવા મળે છે કે ઈરાન પરથી હવે ભરોસો ઉઠી ગયો છે. તેઓ વારંવાર મંત્રણાની વાતો કરે છે અને પોતાનું વચન તોડી નાખે છે. દરમ્યાન, કુવૈતે આજે જણાવ્યું હતું કે તેણે ઈરાન તરફથી ડ્રોન હુમલાઓના નવા રાઉન્ડનો જવાબ આપ્યો છે, જ્યારે વ્યુહાત્મક જળમાર્ગમાં એક જહાજ પર પણ હુમલાના અહેવાલ છે. બીજી બાજુ, હમાસે અમેરિકા સાથે વાટાઘાટમાં નિઃશસ્ત્રીકરણની ખાતરી આપી તે પછી પણ ઇઝરાયેલે ગાઝામાં હુમલો કર્યો છે જેમાં ચારનાં મોતનાં અહેવાલ છે.



# કિવ પર રશિયાનો ભયાનક હુમલો: મિસાઈલ અને ડ્રોન વર્ષામાં ૯નાં મોત

**યુક્રેનના** નેતાએ યુ.એસ.ના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સાથે વાત કરી

કિવ, તા. 1 (એપી): યુક્રેનની રાજધાની કિવમાં શનિવારે રાત્રે રશિયા દ્વારા કરવામાં આવેલા બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનના તીવ્ર હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોનાં મોત થયાં છે અને 22 નાગરિકો ઘાયલ થયા છે. એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

શહેરના સોલોમિયાન્સ્કી ડિસ્ટ્રિક્ટમાં કાટમાળ પડવાને કારણે એક પાંચ માળની રહેણાક ઈમારતને નુકસાન થયું હતું અને આગ લાગી હતી. યુક્રેનની સ્ટેટ ઈમરજન્સી સર્વિસ અનુસાર, બચાવ કર્મચારીઓએ બિલ્ડિંગના ઉપલા માળેથી 35 લોકોને બહાર કાઢ્યા હતા, જેમાં બે લોકોનાં મોત થયાં હતાં અને બે બાળકો સહિત આઠ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઈમરજન્સી સર્વિસે જણાવ્યું હતું કે, ડાર્નિત્સકી ડિસ્ટ્રિક્ટમાં આ હુમલાને કારણે ઘરો, વાહનો, એક વહીવટી અને બિન-રહેણાક ઈમારતમાં આગ લાગવા અને નુકસાન થવાથી સાત લોકોનાં મોત થયાં હતાં અને અન્ય 14 લોકો ઘાયલ થયા હતા.

શહેરના અન્ય બે ડિસ્ટ્રિક્ટમાં વ્યાપારી અને રહેણાક ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે.

પ્રમુખ વોલોડિમીર ઝેલેન્સ્કીએ રશિયા તરફથી થતા મિસાઈલ હુમલાનો સામનો કરવા માટે પેટ્રિઓટ એન્ટી-બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સની યુક્રેનની જરૂરિયાત અંગે યુનાઈટેડ સ્ટેટ્સ અને અન્ય પશ્ચિમી ભાગીદારો પર દબાણ લાવ્યા છે.

યુક્રેનના નેતાએ શુક્રવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે, તેમણે યુ.એસ.ના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ સાથે વાત કરી હતી અને આ સપ્તાહની શરૂઆતમાં વોશિંગ્ટનમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની બેઠક અંગે ચર્ચા કરી હતી.

# ઈટાલીના નેપલ્સ શહેરમાં ૪.૭નો ભૂકંપ: માલ-મિલકતને નુકસાન

**જાનહાનિ** કે મોટી ઇજાના તત્કાળ કોઇ અહેવાલ નહીં

**વીજ** પુરવઠો ખોરવાયો: ઇમારતો અને વાહનોને નુકસાન



© EPA

રોમ, તા. ૧: ઈટાલીના દક્ષિણી શહેર નેપલ્સમાં ૪.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે, જેના કારણે શહેરમાં વીજળી પુરવઠો ખોરવાઇ ગયો હતો અને ખડકો પડવાની ઘટનાઓને કારણે કારો ચગદાઇ ગઇ હતી.

સત્તાવાળાઓએ જણાવ્યું છે કે ઈમરજન્સી મદદ માટે તાત્કાલિક કોઈ વિનંતી મળી ન હતી કારણ કે બેકઅપ પાવર સપ્લાય પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો હતો. જો કે, ટ્રેન અને મેટ્રો સેવાઓ ખોરવાઈ ગઈ છે અને સમગ્ર શહેરમાં કેટલીક ઈમારતોને નુકસાન પહોંચ્યું છે.

ઈટાલીના 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીઓફિઝિક્સ એન્ડ વોલ્કેનોલોજી'(INGV) અનુસાર, ભૂકંપનું કેન્દ્ર નેપલ્સની પશ્ચિમે આવેલા કેમ્પી ફ્લેગ્રેઈ વિસ્તારમાં જમીનથી લગભગ ૩ કિલોમીટરની ઊંડાઈએ હતું. યુરોપના સૌથી મોટા જવાળામુખી મુખ ધરાવતો આ વિસ્તાર અવારનવાર થતી ભૂકંપીય પ્રવૃત્તિઓ માટે જાણીતો છે. INGV એ જણાવ્યું કે ભૂકંપ સાંજે ૫:૪૬ વાગ્યે આવ્યો હતો અને તેની ઊંડાઈ ત્રણ કિલોમીટર હતી. ફાયર ફાઈટર્સે જણાવ્યું કે તેમને લિફ્ટ અટકી જવાના અને પ્લાસ્ટરના નાના ટુકડાઓ પડવાના અહેવાલો મળ્યા છે, પરંતુ મદદ માટે તાત્કાલીક કોઇ વિનંતી મળી ન હતી. ઈટાલિયન મીડિયા આઉટલેટ્સ અનુસાર, આ ભૂકંપ આ વિસ્તારમાં અત્યાર સુધી નોંધાયેલા સૌથી શક્તિશાળી ભૂકંપોમાંનો એક છે.

# જાણીતા નેપાળી પર્વતારોહક પુર્જાનું હિમપ્રપાતમાં નિધન

**પાકિસ્તાન** કબજાવાળા કાશ્મીરના 'બ્રોડ પીક' પર કુદરતે સર્જ્યો કાળો કેર; પર્વતારોહણ ક્ષેત્રે એક મહાન યુગનો અંત



કાઠમંડુ, તા. ૧ (પીટીઆઈ) નિષ્ણાત નેપાળી પર્વતારોહક નિર્મલ પુર્જાનું પાકિસ્તાન શાસિત કાશ્મીરના ગિલગિટ બાલ્ટિસ્તાનમાં આવેલા બ્રોડ પીક પર હિમપ્રપાતમાં નિધન થયું છે. એમ તેમની એક્સપિડિશન કંપનીએ શનિવારે જણાવ્યું હતું.

૪૩ વર્ષીય પુર્જાએ ૧૦ પર્વતારોહકોમાં સામેલ હતા જેઓ ગુરુવારે કે2 નજીક કારાકોરમ રેન્જમાં સ્થિત બ્રોડ પીક પર લગભગ ૭,૦૦૦ મીટરની ઊંચાઈએ ત્રાટકેલા હિમપ્રપાતમાં તણાઈ ગયા હતા.

નેપાળ માઉન્ટેનિયરિંગ એસોસિએશનના એક અધિકારીએ જણાવ્યું કે, એક નેપાળી પર્વતારોહક સહિત ત્રણ મૃતદેહોની ઓળખ કરી લેવામાં આવી છે અને પર્વત પરથી અન્ય છ મૃતદેહો મળી આવ્યા છે.

એલિટ એક્સપિડિશને સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અત્યંત દુઃખ અને ભારે હૃદય સાથે અમે પુષ્ટિ કરીએ છીએ કે, બ્રોડ પીક પર હિમપ્રપાતને કારણે નિર્મલ 'નિમ્સદાઈ' પુર્જાનું દુઃખદ મોત થયું છે."

કંપનીએ કહ્યું, "આજે, આપણે ફક્ત પુર્જા જ નહીં, પરંતુ આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિનો શોક મનાવીએ છીએ, જેમાં તેમના વિશ્વાસુ સાથી પર્વતારોહકો અને ગાઈડ, પુર બહાદુર ગુરુંગ (યુક્તા) અને નિમા શેરપા પણ સામેલ છે."

નિવેદનમાં ઉમેર્યું હતું કે, "વિશ્વએ પર્વતારોહણ ક્ષેત્રના સૌથી મહાન પર્વતારોહકોમાંથી એકને ગુમાવ્યા છે; એક એવા લીડર જેમણે પોતાની હિંમત, નમ્રતા અને અડીખમ વિશ્વાસ દ્વારા લાખો લોકોને પ્રેરણા આપી કે માનવ ક્ષમતા આપણે સામાન્ય રીતે કલ્પના કરીએ છીએ તેના કરતાં ઘણી વધારે છે."

નેપાળના વડા પ્રધાન બલેન્દ્ર શાહે પુર્જા અને અન્ય પાંચ નેપાળી પર્વતારોહકોના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

## અલ્જેરિયામાં બસ ખીણમાં ખાબકતાં 27નાં મોત



અલ્જિયર્સ, તા. 1: દેશના આરોગ્ય મંત્રીના જણાવ્યા અનુસાર, ઉત્તરી અલ્જેરિયામાં એક મુસાફરોથી ભરેલી બસ ઊંડી ખાઈમાં ખાબકતાં ઓછામાં ઓછા 27 લોકોનાં મોત થયાં છે અને અન્ય 39 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

શુક્રવારે સેટિફ શહેરથી રાજધાની અલ્જિયર્સ જઈ રહેલી આ બસ તેના ગંતવ્ય સ્થાનથી લગભગ 50 કિમી (30 માઈલ) દૂર અલ કર્મા વિસ્તારમાં ઊંડી ખીણમાં પડી ગઈ હતી.

બચાવ ટુકડીઓ સ્થળ પર કામ કરી રહી હતી અને ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવી રહ્યા હતા. આરોગ્ય મંત્રી મોહમ્મદ સિદીક આઈત મસઉદેને ચેતવણી આપી હતી કે, મૃત્યુઆંક હજી પણ વધી શકે છે. એન્નાહાર ટીવીએ અહેવાલ આપ્યો હતો કે વડા પ્રધાન સીફી ઘરીબે બૌમર્ડેસની યુનિવર્સિટી હોસ્પિટલમાં લઈ જવાયેલા કેટલાક ઈજાગ્રસ્તો સાથે મુલાકાત કરી હતી. સ્ટેટ ટેલિવિઝન અનુસાર, રાષ્ટ્રપતિ અબ્દેલમદજિદ તબુને ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે.

# મોદી વિશે અભદ્ર ટિપ્પણીવાળો વીડિયો વાયરલ કરનારી કિશોરીએ માફી માંગી

**પોલીસ** ફરિયાદ નોંધાયા બાદ માફીનો વીડિયો સામે આવ્યો

નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે વાંધાજનક ભાષાનો ઉપયોગ કરતા વાયરલ થયેલા વીડિયોમાં દેખાતી કિશોરીએ શનિવારે સોશિયલ મીડિયા પર માફી માગતો વીડિયો જારી કરીને કહ્યું કે તે પ્રભાવિત થઈ ગઈ હતી.

પોતાની ઉંમર ૧૫ વર્ષ હોવાનું જણાવતાં આ છોકરીએ કહ્યું કે આ વાયરલ ક્લિપ તેના દ્વારા પોસ્ટ કરવામાં આવી ન હતી અને તે ખૂબ જ શરમ અનુભવી રહી છે.

પીટીઆઈ આ માફીના વીડિયોની સત્યતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શક્યું નથી.

દરમિયાન, મોદીએ મોડી રાત્રે એક વીડિયો સંદેશમાં કહ્યું હતું કે, જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન માત્ર તેમને જ નહીં પરંતુ તેમની સ્વર્ગસ્થ માતાને પણ 'ગંદી ગાળો' આપવામાં આવી તેનાથી તેમને ખૂબ દુઃખ થયું છે. મોદીએ કહ્યું હતું કે, "ભટકેલા બાળકોને માફ કરી દેવા જોઈએ અને તેમને સાચા માર્ગે દોરવા જોઈએ.''

વીડિયોમાં કિશોરીએ કહ્યું, "હું જુલાઈમાં મારા મિત્રો સાથે કનોટ પ્લેસ ગઈ હતી. ત્યાં અમને કેટલાક લોકોનો એક સમૂહ મળ્યો જે વડા પ્રધાન વિરુદ્ધ વાંધાજનક અને ગંદી ભાષાનો ઉપયોગ કરી રહ્યો હતો. તેઓએ મને પ્રભાવિત કરી અને તે શબ્દો પુનરાવર્તિત કરવા પ્રોત્સાહિત કરી, અને મેં તે કર્યું."

કિશોરીએ ઉમેર્યું, "હું કોઈની આંખોમાં આંખ મિલાવીને જોઈ શકતી નથી.

# E20 ન હોત તો અખાતી તનાવમાં પેટ્રોલના ભાવ રૂ. ૧૨૫ સુધી ગયા હોત: સરકાર

**પેટ્રોલમાં** ઇથેનોલ ભેળવવાની નીતિ સામે વિરોધ વચ્ચે કેન્દ્રએ સપ્તાહમાં ચોથી સ્પષ્ટતા કરી

**નીતિનો** મજબૂત બચાવ કરતા કહ્યું કે આ નીતિને કારણે જ પેટ્રોલ એકંદરે ઓછા ભાવે પળી રહ્યું

નવી દિલ્હી, તા. ૧: ઈ-20 પેટ્રોલ નીતિ પર પોતાનું વલણ વધુ મજબૂત કરતા સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે જ્યારે અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા હતા, ત્યારે આ નીતિએ ભારતીય ગ્રાહકોને રક્ષણ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. વાહન માલિકોના એક વર્ગમાં ભારે વિરોધ વચ્ચે એક જ અઠવાડિયામાં E20 પર ચોથી સ્પષ્ટતા બહાર પાડતા સરકારે કહ્યું કે, જો આ નીતિ ન હોત તો મધ્ય પૂર્વમાં આ તણાવના સમયગાળા દરમિયાન પેટ્રોલનો ભાવ લિટરદીઠ રૂ. 125 સુધી પહોંચી ગયો હોત.

એક વિગતવાર નિવેદનમાં પેટ્રોલિયમ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાન યુદ્ધ દરમિયાન વૈશ્વિક ક્રૂડના ભાવ વધીને પ્રતિ બેરલ 135 ડોલર(લગભગ રૂ. 13,000) થઈ ગયા હતા.

## દસ દેશોમાંથી અમેરિકનોને ભાગવા માટે તૈયાર રહેવા સૂચના

દુબાઈ, તા. ૧: અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમેરિકી નાગરિકોને મધ્ય પૂર્વના ૧૦ દેશોમાંથી 'તૈયાર' રહેવા અથવા તુરંત નીકળી જવા જણાવવામાં આવ્યું છે. ટ્રમ્પે આ અઠવાડિયાના અંતમાં જ ઈરાન પર નવા હુમલા થઈ શકે છે તેવા સંકેત આપ્યાના થોડા જ કલાકોમાં, અમેરિકી એમ્બેસીએ મધ્ય પૂર્વમાં રહેતા અમેરિકી નાગરિકોને તાકીદની સલાહ આપી છે કે 'જો પરિસ્થિતિ વધુ વણસે તો દેશ છોડવા વિશે વિચારો અથવા નીકળવા માટે તૈયાર રહો.' આ ચેતવણી હવે ૧૦ દેશોને આવરી લે છે: સંયુક્ત આરબ અમીરાત (UAE), કતાર, ઓમાન, ઈરાક, જોર્ડન, ઈઝરાયેલ, કુવૈત, સાઉદી અરેબિયા, બહરાઈન અને તાજેતરમાં ઈજિપ્ત. પ્રારંભિક સુરક્ષા એલર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, "મધ્ય પૂર્વમાં આવેલી અમેરિકી એમ્બેસીઓએ આજે સેક્યુરિટી એલર્ટ જારી કર્યા હતા.


**જાહેર નિવિદા નં- ૦૨ સને ૨૦૨૬-૨૭**
**માર્ગ અને મકાન પેટા વિભાગ વલસાડ ,ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, વલસાડ (મા.xમ.)પેટા વિભાગ, વલસાડ-૩૯૬૦૦૧, દ્વારા ગુજરાત રાજ્યમાં નોંધાયેલ ઈ-૨ વર્ગ અને ઉપરના અનુભવી ઇજારદાર પાસેથી અંદાજિત રૂપિયા ૩૬૪૯૦.૦૦ કિંમત ઓફિસ કલબ બિલ્ડીંગ તોડવા ભાવો મગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડરો ઇસ્યુ કરવાની છેલ્લી તારીખ ૦૪-૦૮-૨૦૨૬, ૦૨.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. અને ભરેલ ટેન્ડર રજીસ્ટર પોસ્ટ એડી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૭-૦૮-૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. આવેલ ટેન્ડર મંજુર કરવા કે નહીં તેની તમામ સત્તા સક્ષમ અધિકારીની રહે છે

નાયબ કાર્યપાલક ઇજનેર
વલસાડ(મા×મ)પેટા વિભાગ.
વલસાડ

નં. માહિતી/વલસાડ/ ૨૯૫/૨૦૨૬

**વેચાણ અંગેની જાહેર નોટીસ**

સુરત જીલ્લાના પલસાણા તાલુકાના મોજે ગામ બલેશ્વર માં આવેલ રે.સ.નં. ૩૭૦/૧,૩૭૧/૨ તથા ૩૭૧, ૩૭૩, બ્લોક નં. : ૩૫૪, ૩૫૫ તથા ૩૫૬ કે જેનો એકત્રીકરણ બાદ નવો બ્લોક ૩૫૪ વાળી રહેણાંક હેતુ માટેની બિનખેતીની જમીનમાં આવેલ સંસ્કૃતી ગ્રીન લેન્ડ માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર કે નીચે મુજબ છે.

| પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) | પ્લોટ નં. | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧૨૩ | ૯૩૩.૦૦ | ૧૨૧ | ૧૦૬૧.૦૦ | ૧૧૮ | ૧૦૨૮.૦૦ |
| ૧૨૨ | ૯૩૮.૦૦ | ૧૧૯ | ૮૨૮.૦૦ | ૧૧૭ | ૧૬૭૪.૦૦ |

ઉપરોક્ત પ્લોટો વાળી મિલકત, મિલકતના માલિક સત્યમ ડેવલોપર્સ ગુજરાત પ્રા.લી. પાસેથી અમારા અસીલએ ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે સદર મિલકતમાં જે કોઇ વ્યકિત, ઇશમ કે સંસ્થાનો લાગ-ભાગ, હકક, હિસ્સો, ખોરાકી-પોષાકી હોય તો દિન-૦૭ (સાત) માં અમોને પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી અને જો સમયમર્યાદામાં તેમ ન કરવામાં આવે તો કોઇ પ્રકારનો કોઇનો હકક સંબંધ નથી, તેવું માનીને અમારા અસીલ પરસ્પર નકકી થયા મુજબ ઉપરોક્ત મિલકતનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી. તા. ૦૨/૦૮/૨૦૨૬

ઓફીસ : ૨૦૬, ધ ગેલેરીયા, એકસીસ બેંન્કની બાજુમાં, યોગીચોક, પુણાગામ, સુરત. મો. ૯૭૨૩૮-૦૨૮૬૪

**ગૌતમ બી. કાછડીયા**
એડવોકેટ






"Save Energy For Benefit Of Self & Nation"

DGVCL

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ.
CIN U40102GJ2003SGC042909
વ્યારા વિભાગીય કચેરી (સં અને નિ )
૬૬ કેવી કમ્પાઉન્ડ, એન.એચ ૬ ધુલિયા રોડ, વ્યારા, જીલ્લો: તાપી, પીનકોડ-૩૯૪૬૫૦
Vyara,Dist-Tapi, Pin:394650 ઇમેલ આઇડી-Do.vyara@gebmail.com

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેર સુચના**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ડી.જી.વી.સી.એલ દ્વારા ૧૧ કેવી લાઇનનું જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખ તથા સમયે તે સબસ્ટેશન માંથી ફીડર પરથી વીજ પુરવઠો મળી શકશે નહી.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નં | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ગુણસદા | ૧૧ કેવી ઘોડા જેજીવાય ફીડર<br>૧૧ કેવી ચચરબૂંદા એજી ફીડર | ઉકાઈ | ૧૯૧૨૩ | ૦૩.૦૮.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| ૨ | ૬૬ કેવી સીસોર | ૧૧ કેવી ઘજાંબા જેજીવાય ફીડર<br>૧૧ કેવી સીસોર એજી ફીડર<br>૧૧ કેવી વેલઝર એજી ફીડર<br>૧૧ કેવી પાંચપીપળા એજી ફીડર | ઉકાઈ | ૧૯૧૨૩ | ૦૩.૦૮.૨૦૨૬/ સોમવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |
| 3 | ૬૬ કેવી ગુણસદા | ૧૧ કેવી ઘોડા જેજીવાય ફીડર<br>૧૧ કેવી ચચરબૂંદા એજી ફીડર | ઉકાઈ | ૧૯૧૨૩ | ૦૫.૦૮.૨૦૨૬/ બુધવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

નોંધ:કામ પૂર્ણ થયા બાદ કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે

કાર્યપાલક ઇજનેર (સં.અને નિ) વ્યારા વિભાગીય કચેરી, દ.ગુ.વિ.કં.લિ

એમ.સી.બી./ઈ.એલ.સી.બી/આર સી સી બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

**શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી-લી. સાયણ**

**''પરિવર્તન પેનલ''**

| | |
|---|---|
| ૧. કેતનભાઈ નરોત્તમભાઈ પટેલ | કૂડસદ ઝોન-૨ |
| ૨. સિધ્ધાર્થભાઈ મંગુભાઈ પટેલ | સાયણ ઝોન-3 |
| 3. રોહિતભાઈ ક્રાંતીભાઈ પટેલ | સીથાણ ઝોન-૪ |
| ૪. રમેશભાઈ ખુશાલભાઈ પટેલ | માસમા ઝોન-૬ |
| ૫. રાહુલભાઈ પ્રમોદચંદ્ર નાયક | મોટા-વરાછા ઝોન-૯ |
| ૬. સંદિપભાઈ મનહરભાઈ પટેલ | અબ્રામા ઝોન-૧૦ |
| ૭. દિપકભાઈ નગીનભાઈ પટેલ | કામરેજ ઝોન-૧૧ |
| ૮. જીજ્ઞેશભાઈ રમેશભાઈ પટેલ | વાવઝોન-૧૨ |
| ૯. સુરેશભાઈ ગોવિંદભાઈ પટેલ | દિગસ ઝોન-૧૩ |
| ૧૦. ગીરીશભાઈ ધીરૂભાઈ સુરતી | વિભાગ-૧૬ અનુ.જાતિ/ અનુ.જન જાતિ |
| ૧૧. શ્રીમતી લતાબેન કિશોરભાઈ પટેલ | વિભાગ-૧ મહિલા અનામત |
| ૧૨. શ્રીમતી રીન્કુબેન રાજેન્દ્રસિંહ બારડ | વિભાગ-૨ મહિલા અનામત |
| ૧૩. ભારવસિંહ મધુસિંહ ઠાકોર | પીપોદરા ઝોન-૧૪- 'બીન હરીફ' |

તા.૦૯-૦૮-૨૬ના રોજ થનાર મતદાનમાં મારી ઉપરોક્ત પેનલના તમામ ઉમેદવારોને જંગી મતદાન કરી ભવ્ય વિજય અપાવવા સૌ સભાસદોને આગ્રહ ભરી નમ્ર અપીલ છે.

લિ. કેતનભાઈ એન.પટેલ
માજી પ્રમુખ-કુડસદ